A person whose name is recorded in the register of members or in the register of beneficial-owners maintained by the depositories as on the cut-off date only shall be entitled to avail the facility of remote e-voting as well as voting in the AGM.

Pursuant to the provisions of Section 91 of the Companies Act, 2013 and applicable rules framed there under read with Regulation 42 of SEBI (LODR) Regulations 2015, as amended time to time, the Register of Members and the Share Transfer books of the Company shall remain closed from Thursday, 19th day of September 2019 to Wednesday, 25th day of September 2019 (Both days inclusive) for the purpose of the AGM and declaration of dividend.

Members who have not received Notice and the Annual Report may download the same from the website of the Company i.e. www.acilnet.com or may download the Notice from the website of *LIIPL:https://instavote.linkintime.co.in*

The Members are requested to read the instructions pertaining to e-voting as printed in the AGM Notice carefully. Any query /concern /grievances connected with voting by electronic means may be addressed to Mr. Vipin Kumar Tiwari, Company Secretary at A-177, Okhla Industrial Area, Phase-I, New Delhi-110020 or e-mail at cs.corpoffice@acilnet.com or Phone at 011-49410522. The documents pertaining to the items of the business to be transacted in the AGM are open for inspection at the registered office of the Company during the normal business hours (11.00 a.m. to 1.00 p.m.) on all working days upto the date of AGM of the Company.

By order of the Board
For **Ahluwalia Contracts (India) Ltd**
Sd/-
(Vipin Kumar Tiwari)
GM (Corporate) & Company Secretary

Place: New Delhi
Date: 02.09.2019

FORM NO. INC-25A

ADVERTISEMENT FOR CONVERSION OF PUBLIC COMPANY INTO A PRIVATE COMPANY

BEFORE THE REGIONAL DIRECTOR, MINISTRY OF CORPORATE AFFAIRS NORTHERN REGION

In the matter of the Companies Act, 2013, section 14 of Companies Act, 2013 and rule 41 of the Companies (Incorporation) Rules, 2014

AND

In the matter of **Golden Insulation and Engineering Limited** having its Registered Office at Opposite State Bank Gurudwara Road Sonepat-131001, Haryana, IN.

.....Applicant

Notice is hereby given to the General Public that the company is intending to make an application to the Central Government under Section 14 of the Companies Act, 2013 read with aforesaid rules and is desirous of converting into a Private Limited Company in terms of the special resolution passed at the Extra Ordinary General Meeting held on 29.08.2019 to enable the company to give effect for such conversion.

Any person whose interest is likely to be affected by the proposed change/status of the company may deliver or cause to be delivered or send by registered post of his/her objections supported by an affidavit stating the nature of his/her interest and grounds of opposition to the concerned Regional Director Northern Region 2nd Floor, Antodaya Bhawan, CGO Complex, Lodi Road, New Delhi – 110003, within fourteen days from the date of publication of this notice with a copy to the applicant company at its registered office at the address mentioned below:

Opposite State Bank Gurudwara Road Sonepat-131001, Haryana, IN.

For Golden Insulation and Engineering Limited
Sd/-
Pankaj Gupta
Director
DIN: 00049394

Date : 30.08.2019
Place : Delhi

PUBLIC NOTICE

This is to inform that Partnership Firm in the name & style of M/S Shaktishi (www.shaktishi.com; GSTIN: 07ACYFS3046C1ZW PAN: ACYFS3046C) stands dissolved with mutual consent of partners with effect from 8th August 2019. Kindly take notice that henceforth anyone dealing with the said dissolved firm shall be doing so at his/her own risk and the undersigned shall have no liability.

Nikhil Pant
Partner

Residence: 19163, ATS Advantage Phase 2, Ahinsa Khand 1, Indirapuram, Ghaziabad 201014 (UP)

AMPLUS ENERGY SOLUTIONS PVT LTD

Amplus Energy Solutions Pvt Ltd has made an application for surrender of Category II Inter-State Trading License before Central Electricity Regulatory Commission, New Delhi and the copy of the same is available at www.amplussolar.com. Objections on the above application, if any, may be sent to the Secretary, Central Electricity Regulatory Commission, 3rd & 4th Floor, Chanderlok Building, Janpath, New Delhi -110001.

A-57, DDA Sheds Okhla Industrial Phase-ii New Delhi South Delhi DL 110020 In

MISSION FOUNDATION
2542/6, FF, Beadon Pura, Karol Bagh,
New Delhi – 110005
PAN: AAETM5623K
M# 9810535810

PUBLIC NOTICE

MISSION FOUNDATION (PAN: AAETM5623K), Registered TRUST [no.396 in Book no. 4 vol no 4336 on page 117 to 137 dated 13/06/2016] having CIT(E) Registration u/s 12A : CIT(E) / 2016-17 / DEL-MR25783-13012017/ 7032 dated 13.01.2017 and Exemption u/s 80-G : CIT(E) / 2016-17 / DEL-ME27416-13012017/ 8093 dated 13.01.2017, Situation of Registered Office stands SHIFTED w.e.f. 16.06.2019, From "R-489, GF, New Rajinder Nagar, New Delhi – 110060" TO "House no. 17 & 18, GF, Pocket B-7, Sector-3, Rohini, New Delhi - 110085". All the Books of Accounts & Records, etc. will be kept & maintained at the new premises / Registered Office.

New Delhi **AMAN GUPTA**
02.09.2019 **Trustee**

Punjab & Sind Bank
(A Govt. of India Undertaking)
HO Printing & Stationery Department
C-7, New Subzi Mandi, Azadpur, Delhi – 110 033
Ph: 011-27673404-27673429
Email: ho.stationery@psb.co.in

TENDER NOTICE

Empanelment of General Printers

Sealed applications are invited from reputed General Printers having press in Delhi & NCR (National Captial Region) for printing of bank's stationery items. For detailed information, please visit bank's website at **www.psbindia.com**

Chief Manager

Karur Vysya Bank
Smart way to bank

The Karur Vysya Bank Ltd., Plot No 9, 10, 23 and 24, Advocate Chambers, RDC, Ghaziabad – 201 002 **Dt: 02.09.19**

ADDENDUM TO SALE NOTICE DATED 19.08.2019

Attention of the public as well as borrowers is drawn to the sale notice issued with regard to sale of vehicle bearin No: UP 14 CA 9389. It is hereby notified that due to technical problems, website is changed to https://kvb.auctiontiger.net. All other terms and conditions remained unchanged.

Date : 02.09.19 **Manager**
Place : Ghaziabad **THE KARUR VYSYA BANK LIMITED**

PRASHANT INDIA LIMITED

Regd. Office: Block No.456, N. H. No. 8, Palsana Char Rasta, Palsana, Taluka-Palsana, District-surat 394315
CIN: L15142GJ1983PLC006574, Ph. 9375055557,
E-mail: cs.prashantindia@gmail.com, Website: www.prashantindia.info

NOTICE

NOTICE is hereby given that the 36th Annual General Meeting of the Members of **PRASHANT INDIA LIMITED** will be held on Wednesday, 25-09-2019 at 11.00 a.m. at the Registered Office of the Company at Block No.456, N. H. No. 8, Palsana Char Rasta, Palsana, Taluka-Palsana, District-surat 394315, to transact Ordinary and Special Business as mentioned in the Notice of the Annual General Meeting.

The Company has dispatch the Physical copies of Annual Report and Notice of the Annual General Meeting on August 31, 2019 to the Members at their registered Addresses, whose e-mail ids were not registered with Depositories as on 09th August, 2019. The Annual Report and Notice of Annual General Meeting is available on Company's website.

NOTICE OF BOOK CLOSURE

Notice is also hereby given that pursuant to the provisions of Section 91 of the Companies Act, 2013 and Regulation 42 Of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the Register of Members and Share Transfer Book of the Company will remain closed from 19-09-2019 to 25-09-2019 (both dates included) for the purpose of 36th Annual General Meeting.

NOTICE OF E-VOTING

Pursuant to Section 108 of the Companies Act, 2013 and relevant Rules framed there under, as amended from time to time, and Regulation 44 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 and Secretarial Standard 2 on General meeting, the Company is pleased to provide the e-voting facility to its members enabling to cast their vote electronically on all resolutions set forth in the Notice of Annual General meeting, through e-voting facility provided by Central Depository Services (India) Limited (CDSL).

The Board of Directors has appointed Shri. Jitendra Bhagat , Company Secretary in Practice, as scrutinizer to conduct the e-voting process and physical voting process. The voting through electronic means shall continue from 9.00 AM to 5.00 PM on 21-09-2019 to 24-09-2019.

For electronic voting, the Members are requested to go through the instructions given in the aforesaid Notice of Annual General Meeting which is also displayed on the website of the Company. The results of the e-voting with Report of the Scrutinizer will be displayed on the website of the Company and on the website of BSE and CDSL.

By Order of the Board of
PRASHANT INDIA LIMITED.,
Sd/-
Ritika Mundra Panpaliya
COMPANY SECRETARY

Date : 3rd September, 2019
Place : PALSANA

ISHAN DYES & CHEMICALS LIMITED

CIN: L24110GJ1993PLC020737
Regd. Office: 18, G.I.D.C Estate, Phase - 1, Vatva, Ahmedabad - 382445, Gujarat, INDIA **Phone:** 079-25832144/25893607 | **Fax:** 079-25833643
Website: www.ishandyes.com | **E-mail:**ishandyes@yahoo.com

**NOTICE OF THE 26TH ANNUAL GENERAL MEETING, BOOK CLOSURE AND E-VOTING INFORMATION

સંપાદકીય

ક્રિકેટ સિવાયની રમતોમાં પણ ભારતનું માન વધ્યું

ભારત આજકાલ રમત - ગમત ક્ષેત્રમાં એક અલગ ઉંચાઈની સફળતા પ્રાપ્ત કરી રહ્યું છે, જે ગૌરવ અને સન્માનની વાત છે. ક્રિકેટ સિવાયની રમતોમાં પણ ભારતનું માન વધ્યું છે, તે દેશના સ્વાસ્થ્ય અને પ્રગતિમાં મોટી ભૂમિકા ભજવી શકે છે. હાલમાં ૨૯ ઓગષ્ટે ભારતમાં રાષ્ટ્રીય રમતગમત દિવસ ઉજવાયો એ અગાઉ ક્રિકેટ ઉપરાંત અન્ય રમતના સિદ્ધિ પણ નોધપાત્ર રહી છે. આજે પણ બોલરોમાં ભારતના ગુજરાતી ખેલાડી બુમરાહ વિશ્વમાં નંબર વન છે તો વિરાટ કોહલીની સફળતાઓ પણ ગૌરવની વાત છે. ભારતની આ ગૌરવશાળી સફળતાનાં તાજા ઉદાહરણો તમામ ભારતીય રમતવીરોને નવી પ્રેરણા આપે છે. ભારતની ડોમેસ્ટિક ટેનિસમાં સુમિત નાગલનું નામ અજાણ્યું નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય ટેનિસમાં હરિયાણાના બાવીસ વર્ષના આ ટેલન્ટેડ ખેલાડીએ કમાલની છાપ પાડી હતી. યુએસ ઓપન ગ્રેન્ડ સ્લેમ ચેમ્પિયનશિપના સિંગલ્સના પહેલા રાઉન્ડમાં તેણે વિક્રમજનક ૨૦ ગ્રેન્ડ સ્લેમ ટાઇટલ જીતી ચૂકેલા વર્લ્ડ નંબર-થ્રી રોજર ફેડરરનો સામનો કરવો પડયો હતો. જેમાં નાગલે પરાજિત થતાં પહેલાં ફેડરરને ખૂબ સંઘર્ષ કરાવ્યો હતો. એટલું જ નહીં, નાગલ તેની સામે એક સેટ જીત્યો હતો અને પછી સ્વિટ્ઝરલેન્ડના આ ટેનિસ-લેજન્ડ સામે પરાજય સ્વીકાર્યો હતો. ભારતના બાવીસ વર્ષના ઊભરતા ટેનિસ ખેલાડી સુમિત નાગલની લડાયક રમતથી યુએસ ઓપનમાં તેનો લેજન્ડ-હરીફ રોજર ફેડરર પણ ચોંકી ગયા પછી સાવચેત થઈ ગયો હતો. બે કલાક, ૫૦ મિનિટ સુધી ચાલેલા આ મૅચ પછી પોતાના આ નવા હરીફના વખાણ કરવાનું તે રોકી નહોતો શક્યો. રવિવાર, ૨૫ ઑગસ્ટ ૨૦૧૯નો દિવસ ભારત માટે સુવર્ણ અક્ષરે લખાશે. ત્રણ મહિલા ખેલાડીઓએ એક જ દિવસમાં ગોલ્ડ મેડલ જીતીને ભારત માટે નવો ઇતિહાસ સર્જ્યો હતો અને આ દિવસ ભારત માટે સુવર્ણમય બનાવી દીધો હતો. પી. વી. સિંધુ મહિલાઓની બેડમિન્ટનમાં વર્લ્ડ ચૅમ્પિયન બની હતી. આ રમતમાં ભારતના કોઈ સ્પોર્ટ્સપર્સને વિશ્વવિજેતાપદ મેળવ્યું હોય એવો આ પહેલો જ બનાવ છે. સ્પેનના મૅડ્રિડમાં ભારતીય તીરંદાજ કોમલિકા બારી વર્લ્ડ આર્ચરી યુથ ચૅમ્પિયનશિપના રિકર્વ કૅડેટ વર્ગમાં ગોલ્ડ મેડલ જીતીને નવી વર્લ્ડ ચૅમ્પિયન બની હતી. ત્રીજી મહત્ત્વની ઇવેન્ટમાં ભારતની માનસી જોશી શારીરિક રીતે અસક્ષમ ખેલાડીઓ માટેની પૅરા વર્લ્ડ બેડમિન્ટન ચૅમ્પિયનશિપના સિંગલ્સ એસએલ-૩ વર્ગમાં ગોલ્ડ મેડલ જીતીને એ કૅટેગરીની વર્લ્ડ ચૅમ્પિયન બની હતી. આજે ભારતમાં દરેક રમત માટે સારી-આધુનિક સગવડ સાથેના આંતરરાષ્ટ્રીય દરજ્જાના મેદાન બની રહ્યા છે. અમદાવાદનું ક્રિકેટ સ્ટેડિયમ નવું બની રહ્યું છે તો દિલ્હીમાં કોમનવેલ્થ ગેમ્સ વખતે તૈયાર થયેલ મેદાનો અને સાધનો આજે ખેલાડીઓને તૈયાર થવામાં ઉપયોગી સાબિત થઇ રહ્યા છે. એ રીતે હવે વિદેશમાં થતી સ્પર્ધાઓમાં ભારતના ખેલાડીઓ ભાગ લઇ શકે તે માટે દરેક રમતના સંઘ પણ આગળ આવી મદદ કરી રહ્યા છે. રમતના ખેલાડીઓના જીવન પર આજકાલ બોલિવુડ ફિલ્મો પણ મોટા પ્રમાણમાં બને છે જે નવી પેઢીને પ્રેરણા આપે છે. સ્ટાર ટીવી દ્વારા કબડ્ડીની સ્પર્ધાને પ્રોત્સાહન આપવાથી અનેક યુવા આજે રમતગમત માટે પણ પોતાને તૈયાર કરે છે. આમ, ભારતમાં રમતગમત ક્ષેત્રમાં થયેલ પ્રગતિ અનેક રીતે ફાયદાવાળી સાબિત થશે.

ભ્રષ્ટાચાર પર ચોતરફી પ્રહાર

કોંગ્રેસના નેતા અને દેશના પૂર્વ નાણાં અને ગૃહમંત્રી પી.ચિદમ્બરમની ધરપકડ નરેન્દ્ર મોદી સરકાર દ્વારા ભ્રષ્ટાચાર પર સઘન થતા પ્રહારનો સંકેત છે. પોતાના પ્રથમ કાર્યકાળથી જ વડાપ્રધાન મોદીએ ભ્રષ્ટાચાર પ્રત્યે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી, પરંતુ ૭૨ વર્ષોમાં ભ્રષ્ટાચારે ઊંડાં મૂળિયાં જમાવ્યાં છે જે દેશની અર્થવ્યવસ્થાને ઉધઈની જેમ કોતરી રહી છે. ભ્રષ્ટાચારમાં મુખ્ય સંસ્થાઓના અનેક ઉચ્ચ પદાધિકારી સંડોવાયેલા જોવા મળ્યા છે. તેમને રાજકીય સંરક્ષણ પણ પ્રાપ્ત થતો રહે છે તેથી કોણ કોના પર હાથ નાખે? જનતા જાણે છે કે કોઈ સરકારી ઓફિસમાં કામ કરાવવા માટે શું કરવું પડે છે. મોટાભાગે દલીલ કરવામાં આવે છે કે ભ્રષ્ટાચાર માટે જનતા પણ એટલી જ દોષી છે જેટલા સરકારી અધિકારી અને કર્મચારી. સૈદ્ધાંતિક રીતે એ સાચું છે, પરંતુ વ્યવહારમાં? કલ્પના કરો કે ૬૦-૭૦ કે વધારે વર્ષના પેન્શનભોગી સરકારી ઓફિસ કે કોષાગારમાં ચક્કર લગાવી રહ્યા છે અને સંબંધિત અધિકારી તેમને રોજ-રોજ નવી ખામીઓ કાઢીને ટાળી રહ્યા છે. શું તેઓ રોજેરોજ આવી શકશે? ગામના ગરીબ ખેડૂત, મજૂર, મહિલાઓ કોઈ ઓફિસમાં આ ટેબલથી પેલા ટેબલ પરેશાન થઈ રહ્યા હોય અને તેમની પાસે અપેક્ષા રાખવામાં આવે કે તે વારંવાર આવે? મોદી સરકારે ભ્રષ્ટાચાર વિરુદ્ધ જે અભિયાન ચલાવ્યું છે તે અંતર્ગત તે રાજકીય, આર્થિક, પ્રશાસનિક અને સામાજિક ભ્રષ્ટાચાર પર એક સાથે પ્રહાર કરી રહી છે, પરંતુ આજે ભ્રષ્ટાચારનું સ્વરૂપ વ્યાપક અને જટિલ થઈ ગયું છે. એવી સંસ્થાઓ જેના પર ભ્રષ્ટાચારના નિવારણ માટે જનતા આશ્રિત છે અને તે જ ભ્રષ્ટાચારમાં લિપ્ત છે. આદિકાળથી જ ભ્રષ્ટાચારની સમસ્યા રહી છે. કૌટિલ્યએ સરકારી અધિકારીઓમાં ભ્રષ્ટાચાર વિશે કહ્યું હતું કે જે પ્રકારે માછલી માટે પાણીનું સેવન ન કરવું સંભવ નથી, તે જ રીતે સરકારી કર્મચારી પણ એ પૈસાનું સેવન કર્યા વિના રહી નથી શકતા જે તેમના હાથમાંથી પસાર થાય છે, પરંતુ આ પ્રવૃત્તિ પર લગામ તો લગાવવી પડશે અને જેવું વડાપ્રધાન મોદી કહ્યું, કોઈએ રાજકીય નફાનુકસાનની ચિંતા કર્યા વિના પહેલ કરવી પડશે. સાફ-સૂથરું પ્રશાસન શરૂઆતથી જ મોદી સરકારની 'યુએસપી' રહી છે. તેમણે ભ્રષ્ટાચાર પર પ્રહાર માટે ટોપ-ડાઉન-મોડલ અપનાવ્યું છે. તેમણે પહેલાં ખુદ પોતાના આચરણથી એક ભ્રષ્ટાચાર વિહીન રાજનીતિજ્ઞનો માપદંડ રજૂ કર્યો. મોદી સરકારની નીતિઓ સાથે કોઈ સહમત કે અસહમત થઈ શકે, પરંતુ તેની અવગણના ન કરી શકે કે તેમના પર કે તેમની સરકારના મંત્રીઓ પર ભ્રષ્ટાચારના આરોપ નથી લાગ્યા. પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહની છબિ બેદાગ રહી, પરંતુ તેમની કેબિનેટના કેટલાય મંત્રીઓ ભ્રષ્ટાચારમાં ઝડપાયા હતા.

૨૦૧૯ની લોકસભા ચૂંટણીઓ દરમ્યાન કોંગ્રેસના તત્કાલીન અધ્યક્ષ રાહુલ ગાંધીએ રાફેલ સોદામાં ભ્રષ્ટાચાર પર મોદી સરકારને ફસાવવાની કોશિશ કરી, પરંતુ જનતાએ તેમના જૂઠ્ઠાણાને નકારી દીધું. તે ઉપરાંત વડાપ્રધાન મોદીએ પોતાના મંત્રીઓ પર પણ લગામ કસીને સમય-સમય પર તેમને ચેતવ્યા કે ભ્રષ્ટાચારનો કોઈપણ પ્રત્યક્ષ અપ્રત્યક્ષ મામલો સહન નહી કરવામાં આવે. એ જ રણનીતિ તેમણે શીર્ષ-નોકરશાહી પ્રત્યે પણ અપનાવી. એક તરફ અધિકારીઓને વડાપ્રધાનથી સીધો સંપર્ક કરવાનો અધિકાર આપ્યો તો બીજી અને તેમની વ્યક્તિગત નિરીક્ષણ પણ કરી. તેની 'હવા' ઝડપથી શીર્ષ અધિકારીઓમાં ફેલાઈ ગઈ અને તેમનામાં ભય સમાઇ ગયો કે તેમનો ભ્રષ્ટાચાર મોદીથી છૂપો નહી રહી શકે. જે અધિકારી ભ્રષ્ટાચાર છોડતા નથી તેમને સરકારે જબરદસ્તી સેવાનિવૃત્ત કરી દીધા. હાલમાં જ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસના અધિક્ષક સ્તરના ૨૨ અધિકારી અને જૂન ૨૦૧૯માં ભારતીય રાજસ્વ સેવાના ૨૭ અધિકારી સેન્ટ્રલ સિવિલ સર્વિસ રૂલ્સ, ૧૯૭૨ અંતર્ગત ભ્રષ્ટાચારને કારણે હટાવી દેવાયા. ગત પાંચ વર્ષોમાં લગભગ એવા ૩૦૦થી વધારે અધિકારી હટાવાઈ ચૂક્યા છે. મોદી સરકારનું ફરમાન છે - રિફોર્મ, પરફોર્મ એન્ડ ટ્રાન્સફોર્મ અર્થાત 'સુધરો, કામ કરો અને બદલો' નહિ તો બહારનો રસ્તો જુઓ, પરંતુ જનતાના પૈસા સાથે રમત ન કરો. કોઈ સરકારમાં આવી મજબૂતી કદાચ પહેલી વાર દેખાઈ છે. આ કોઈ અચાનક ઉઠાવાયેલ પગલું નથી. મોદી સરકારે શરૂઆતથી જ તેના સંકેત આપ્યા હતા. કાળું નાણું જાહેર કરવાની યોજના, વિમુદ્રીકરણ, ટેક્સ ચોરી રોકવા માટે જીએસટી લાવવું, વચેટિયાઓને કતમ કરવા માટે સબસિડી સીધી ખાતામાં જમા કરવી વગેરે જેવા અનેક પગલાં મોદી સરકારની આ મુદ્દા પર ગંભીરતાને રેખાંકિત કરે છે. તેને કારણે ટ્રાન્સપરન્સી ઇન્ટરનેશનલ દ્વારા તૈયાર 'ભ્રષ્ટાચાર સૂચકાંક' ૨૦૧૮માં ભારતની સ્થિતિ ચીનથી બહેતર થઈ ગઈ છે. ૧૮૦ દેશોની યાદીમાં ચીન ૮૭મા સ્થાન પર ચાલ્યું ગયું ત્યાં જ ભારત ૭૮મા સ્થાન પર પહોંચી ગયું, પરંતુ હજુ સુધારનો ઘણો અવકાશ છે. કદાચ એટલા માટે જ ચિદમ્બરમ વિરુદ્ધ પણ પગલાં ઉઠાવવાથી સરકાર ખચકાઈ નહી. આ કોંગ્રેસના ટોચના નેતાઓ દ્વારા ભ્રષ્ટાચારમાં સંડોવાવાનો અનોકો કેસ છે. એ વાત જુદી છે કે જ્યારે પણ કોઈ નાનો-મોટો નેતા કાયદાના સકંજામાં આવે છે તો તે તેનું ઠીકરું રાજકીય વિદ્વેષ પર ફોડી દે છે. સોનિયા અને રાહુલ ગાંધી પણ ભ્રષ્ટાચારના સકંજામાં છે. આ છે મોદીનું ટોપ-ડાઉન-મોડલ. જ્યારે ટોપ અર્થાત શીર્ષ રાજનીતિજ્ઞો અને અધિકારીઓ પરલગામ લાગશે તો બોટમ એટલે કે નીચેના લોકો આપોઆપ ઠીક થઈ જશે, પરંતુ આવી રણનીતિ તો કેન્દ્ર સરકારના મંત્રીઓ અને અધિકારીઓ માટે છે અને જનતાનું વધુ કામ રાજય સરકારની ઓફિસોમાં અધિકારીઓ સાથે પડે છે. રાજ્યોમાં વડાપ્રધાન નહી, પણ મુખ્યમંત્રીઓનું ચાલે છે. સંભવતઃ મોદીની રણનીતિમાં રાજ્યોના મુખ્યમંત્રીઓ માટે પણ સંદેશ છૂપાયેલો છે, પરંતુ શું રાજ્યોના મુખ્યમંત્રી પણ મોદી જેવા સાફસૂથરા થઈ શકે છે?શું તેઓ પણ પોતાના ધારાસભ્યો અને અધિકારીઓ પર લગામ લગાવી શકશે? હવે તો પંચાયત સ્તર પર પણ ભ્રષ્ટાચાર છે. પંચાયતોને કરોડો રૂપિયા વિકાસ માટે કેન્દ્ર અને રાજ્યથી મળે છે જે ને ગ્રામ, બ્લોક અને જિલ્લા સ્તર પર સરપંચ, બ્લોક પ્રમુખ અને જિલ્લા પંચાયત અધ્યક્ષ સરકારી અધિકારીઓની મિલીભગતથી ઉડાવી રહ્યા છે. ભ્રષ્ટાચારનો ફેલાવો બહુ જ છે. તેમાં ઊંડાણ પણ બહુ છે. તેના વિરુદ્ધ અન્ના હજારે જેવા જન આંદોલન માત્રથી કામ નહી ચાલે, પ્રાઇમરી-કક્ષાથી જ તેના વિરુદ્ધ બાળકોમાં સંસ્કાર અને મૂલ્યો નાખવા પડશે. પૈસાની લાલચ તો અંતહીન છે, પરંતુ જો આપણે દેશ, સમાજ, પરિવારની સાથે એક સૂત્રે બંધાયેલા આગળ વધવા માંગીએ તો આપણને ભ્રષ્ટાચાર વિરુદ્ધ ખુદને સિપાઇ બનવું પડશે અને તેની આગેવાની કરનારા સરકારી, બિનસરકારી સંગઠનો એ જનઆંદોલનોનો સાથ આપવો પડશે.

શિક્ષક એવરી ટાઈમ અસાધારણ હોતા હૈ - ચાણક્ય

પાંચમી સપ્ટેમ્બરે શિક્ષક દિનનો તહેવાર છે. મહા અમાત્ય ચાણક્યશ્રીનું એક ગોલ્ડન સુવાક્ય છે. ''શિક્ષક કભી સાધારણ નહીં હોતા.'' એટલે કે શિક્ષક ક્યારેય ઓર્ડિનરી નથી હોતો. પરંતુ એક્સ્ટ્રા ઓર્ડિનરી હોય છે. આ વિધાન ચાણક્યશ્રીએ પોતાના યુગના શિક્ષકોને નજર અને મગજમાં રાખીને ઉચ્ચાર્યું હશે કે 'સત્ય મેવ જયતે' ની જેમ અમર વાક્ય હશે એની મને ખબર નથી, પરંતુ મારા પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસકાળ દરમિયાન કેટલાક શિક્ષકોએ મારું જીવન ઘડતર પચીસ ટકા અને કાયા ઘડતર પંચોત્તેર ટકા કર્યું છે, એવા મારા પ્રાતઃ માધ્યાન અને નિશા સ્મરણીય ગુરૂઓનું એડવાન્સમાં સ્મરણ કરવું અનિવાર્ય લાગે છે, એટલે આજે હું એમના વિશે થોડી વાતો કરીશ અને મારો છાત્રધર્મ નિભાવીશ. તો આપ પણ કંઈક પ્રેરણા પ્રાપ્ત કરો એવા અતિશુભ આશયથી હું મારા સન્માનનીય શિક્ષકોની અછડતી ઓળખ આપીશ.

પ્રાચીન કાળમાં શિક્ષક માટે 'ગુરૂ' શબ્દ વપરાતો હતો. એ સમયમાં ગુરૂ અને શિષ્ય બંન્નેને શાંતિ હતી. સબ્જેક્ટ પણ એક જ અને ભણાવનાર ગુરૂ પણ એક જ, અંગ્રેજીનું આગમન બાદ શિક્ષકો પણ વધ્યા. ભણનારા પણ વધ્યા અને વિદ્યાપીઠો પણ વધી ગુરૂ શિષ્ય વચ્ચેનો સંબંધ ક્યારેક જમાદાર અને ગુનેગાર જેવો થવા લાગ્યો. અમારી ઓટલા સંસદમાં શિક્ષક દિન અંગે ગહન ચર્ચા ચાલી બધાએ પોત પોતાને ગમતા-અણગમતા કે અર્ધગમતા ટીચરો વિશે મુક્ત જીભે વાક્ય પ્રવાહ રેલાવવા લાગ્યા. ચર્ચાનો મંગલ પ્રારંભ કરતાં જટાકાકાએ બોલવાનું શરૂ કર્યું. ''કોઈપણ પ્રકારનું શિક્ષણ મેળવવું હોય તો ગુરૂ એટલે કે ટીચર જોઈએ. હું માધ્યમિક સ્કૂલમાં ભણતો હતો ત્યારે ગોકળભાઈ અને નાથાભાઈ નામના બે ટીચરડા મને રિસેસમાં નાસ્તો લેવા દોડાવતા હતા કેટલીય વખત ચ્હા લેવા પણ ધકેલતા સ્કૂલની નજીક આવેલી એક હોટલમાં એમનું નામું ચાલે. અમુક દિવસે તો નાની રિસેસમાં પણ એ બે ટીચરડા અમને ઉંદરડાની જેમ દોડાવી ચ્હાની લિજ્જત માણે. તેઓ સાચા અર્થમાં 'ટી-ચર હતા ટી' એટલે ચ્હા અને 'યર' એટલે ચરે તે આ બે ટીચરડાને કારણે એક વખત મને ઠોકર વાગતાં ત્રણ દાંત પડી ગયા હતા. બીજા શિક્ષક છગનલાલ તંબુરા વિશે હું ખોં-ખોં-ખોં ઉધરસના આક્રમણે જટાકાકાની બોલતી બંધ કરી દીધી. નરોત્તમે ઝડપથી પાણીનો ગ્લાસ ધર્યો. પાણી ગળામાં ઉતરતા કાકાની ખોં-ખોં બંધ થઈ ગઈ. થોડી મિનિટો બાદ નરોત્તમે બોલવું શરૂ કર્યું. ''કાકાશ્રી ! તમારા ગળાને થોડીવાર વિશ્રામ આપો. હું મારા ગણિતના ઈન્ટેલિઝન્ટ ટીચર ત્ર્યંબકલાલ તરવાડીના ટિચિંગ અને એમની દેહ ભૂગોળ વિશે વાત કરીશ. ત્ર્યંબકલાલની ભરાવદાર બોડી જોઈને તમને હિપોપોટેમસનું ચિત્ર યાદ આવી જાય. અમે બધા વિદ્યાર્થીઓએ એમની અનેક ખીજો પાડી હતી.

વારસદારની શોધ

સંત એકનાથને પોતાના વારસદારની શોધ હતી. તે કોઈ યોગ્ય શિષ્યને એ જવાબદારી સોંપવા માંગતા હતા. તેમણે શિષ્યોની પરીક્ષા લેવાનું વિચાર્યું. એક દિવસે તેમણે તમામ શિષ્યોને બોલાવ્યા અને એક દીવાલ બનાવવાનો નિર્દેશ કર્યો. શિષ્યો એ કામમાં લાગી ગયા. દીવાલ બનીને તૈયાર પણ થઈ ગઈ, પરંતુ ત્યારે જ એકનાથે તેને તોડવાનો આદેશ આપ્યો. દીવાલ તોડી નાખવામાં આવે ત્યારે ફરીથી તેને બનાવવાનું કહ્યું. દીવાલ ફરીથી બની તો એકનાથે તેને ફરીથી તોડાવી નાખી. જેમ દીવાલ તૈયાર થતી, કે તરત એકનાથ તેને તોડી નાખવાનું કહેતા. આ સિલસિલો ચાલતો રહ્યો. ધીમે ધીમે તેમના અનેક શિષ્યો કંટાળી ગયા અને આ કામથી દૂર થવા લાગ્યા. પરંતુ ચિત્રભાનુ સંપૂર્ણ લગન સાથે પોતાના કામમાં લાગી રહ્યો. વારંવાર તોડવા છતાં દીવાલ બનાવવાના કામથી તે દૂર ન થયો અને સહેજ પણ અકળાયો નહી. એક દિવસે એકનાથ તેમની પાસે ગયા અને બોલ્યા, 'તારા બધા જ મિત્રો કામ છોડીને ભાગી ગયા, પરંતુ તું અત્યાર સુધી આ કામ કેમ કરી રહ્યો છે?' ચિત્રભાનુ બોલ્યો, 'ગુરુજીની આજ્ઞા છે એટલે હું પાછો શું કામ પડું. ત્યાં સુધી કાર્ય કરતો રહીશ જ્યાં સુધી તમે ના ન કહો.' એકનાથ બહુ પ્રસન્ન થયા. તેમણે ચિત્રભાનુને પોતાનો વારસદાર જાહેર કરતાં બધા જ શિષ્યોને કહ્યું, 'સંસારમાં મોટાભાગના લોકો ઊંચી આકાંક્ષાઓ રાખે છે અને સર્વોચ્ચ પદ પર પહોંચવા પણ માંગે છે. પરંતુ તેઓ નથી જાણતા કે તેના માટે પાત્રતા પણ જરૂરી હોય છે.

સ્વાસ્થ્યના રસ્તે ભારત

ખેલ દિવસ પર વડાપ્રધાનની પહેલ પર શરૂ થયેલ 'ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ'ના ઊંડા અર્થોને સમજવા મુશ્કેલ નથી. આધુનિક જીવનશૈલીની દોડાદોડીમાં શારીરિક શ્રમની કમી અને તેનાથી ઉપજેલ માનસિક તણાવોને કારણે વિભિન્ન બીમારીઓના જે આંકડા સામે આવી રહ્યા છે, તે ડરાવનારા છે. એવામાં દેશવ્યાપી સચેતક કાર્યક્રમની શરૂઆતનું સ્વાગત કરવું જોઈએ. ખેલ દિવસ એમ તો હોકીના જાદુગર મેજર ધ્યાનચંદનો જન્મદિવસ છે, પરંતુ આ દિવસનું પ્રતીકાત્મક મહત્ત્વ છે. સામાન્ય લોકોને પ્રેરણા આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે આપણે ખેલાડીઓની જેમ પરસેવો વહાવીને ફિટ રહેવાનું છે. ભારતીય જીવન દર્શનમાં સ્વાસ્થ્યને ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે. કહેવાય છે કે ધન ગયું તો કોઈ ચિંતાની વાત નથી, પરંતુ સ્વાસ્થ્યનું જવું ભારે ચિંતાનો વિષય છે. આ કાર્યક્રમમાં જે રીતે દેશના નામચીન ખેલાડી અને ફિલ્મી સિતારા સામેલ થયા, તેણે આ કાર્યક્રમ પ્રત્યે આખા દેશનું ધ્યાન ખેંચ્યું છે. નિઃસંદેહ વ્યક્તિ સ્વસ્થ હોય છે તો પરિવાર સ્વસ્થ હોય છે, પછી સમાજ અને દેશ સ્વસ્થ હોયછે. નિઃસંદેહ સ્વસ્થ શરીરમાં સ્વસ્થ આત્મા-મગજનો વાસ હોયછે જે સમગ્ર વ્યક્તિત્વને સ્વસ્થ બનાવે છે. મુશ્કેલી એ છે કે આર્થિક સમૃદ્ધિ અને ટેકનિકોએ આપણા જીવનને એટલું આરામદાયક બનાવી દીધું છે કે આપણે શારીરિક શ્રમથી દૂર થતા જઈએ છીએ. આપણે પગે ચાલવાની આદત તો ખતમ જ કરી દીધી છે. આખી જીવનશૈલીમાં શ્રમરહિત વ્યવહારને ઉત્તેજન મળ્યું ચે જે તમામ પ્રકારના મનોકાયિક રોગોને જન્મ આપે છે. એવામાં ફિટ ઇન્ડિયા અભિયાનની ઉપાદેયતા નિર્વિવાદ થઈ જાય છે જેથી જીવનશૈલીથી ઉપજેલી બીમારીઓ વિરુદ્ધ જંગ છેડી શકાય. નિઃસંદેહ આ એક સકારાત્મક વિચારનું રચનાત્મક અભિયાન છે અને તેને રાજકીય ચશ્માંથી ન જોવી જોઇએ.

અસલમાં આપણી સુવિધાભોગી જીવનશૈલીને કારણે તમામ એવા મનોકાયિક રોગ પેદા થઈ ગયા છે, જેમને આપણે વ્યાયામ, ખેલ, યોગ અને વિભિન્ન પ્રકારની ફિટનેસ પદ્ધતિઓથી દૂર ભાગી શકાય છે. એવું નથી કે ફિટ ઇન્ડિયા જેવું અભિયાન ફક્ત ભારતમાંજ શરૂ કરવામાં આવ્યું છે. ચીન ૨૦૩૦ સુધી 'હેલ્થી ચીન' મિશનને લઈને પ્રયાસરત છે. ઓસ્ટ્રેલિયાએ પણ એવું જ લ-ય થઈ ગયા છે, જેમને આપણે લોકોની સક્રિયતા માટે રાખ્યું છે. ઇંગ્લેન્ડ પોતાના પાંચ લાખ નવા લોકોને દૈનિક વ્યાયામ સાથે જોડવાનું લ-ય લઈને ચાલી રહ્યું છે. ત્યાં જ અમેરિકા ૨૦૨૧ સુધી 'ફ્રી ફિટનેસ અભિયાન' ચલાવશે. એ તથ્ય સામે આવવા લાગ્યું છે કે આધુનિક ચિકિત્સા પદ્ધતિ રોગને દબાવી તો દે છે, પરંતુ તેના કારકોને સંપૂર્ણ રીતે સમાપ્ત નથી કરી શકતી. એવામાં આપણી સજાગતા અને સક્રિયતા જ આપણને સ્વસ્થ બનાવી શકે છે. ભારતના સ્વાસ્થ્ય સાથે જોડાયેલા આંકડા ચિંતા વધારનારા છે. જો આપણે હજુ પણ નહીં જાગીએ તો સ્થિતિ ભયાવહ થઈ શકે છે. ભારતમાં અસાધ્ય રોગોના મોંઘા ઉપચારથી લાખો લોકો દેવામાં ડૂબી જાય છે. કારણ ચિકિત્સા સુવિધાઓની કિંમતોમાં અણધારી વૃદ્ધિ થવી, જેને કારણે ગુણવત્તાનો ઉપચાર આમ આદમીની પહોંચથી દૂર થતો જાય છે. જો રોગો સાથે જોડાયેલા આંકડા પર નજર નાખીએ તો વિકટ સ્થિતિનો અહેસાસ થઈ જાય છે. ભારતમાં લગભગ સાડા પાંચ કરોડ લોકો હૃદયના દર્દી છે. દેશનો દર પાંચમો વ્યક્તિ હાઇપર ટેન્શનનો શિકાર છે. પાછલા બે દાયકામાં ચેપી રોગોની ટકાવારી બે તૃતિયાંશ વધી છે. સૌથી મોટી ચિંતાની વાત એ છેકે દેશમાં આબાદીના દસ ટકા કોઈને કોઈ પ્રકારના મનોરોગો સામે ઝઝૂમી રહ્યા છે. સાડા તેર કરોડ લોકો વધુ વજનની સમસ્યા સામે ઝઝૂમી રહ્યા છે. દર દસમો ભારતીય મધુપ્રમેહનો શિકાર છે. નિઃસંદેહ આ રોગ આપણી જીવનશૈલીની વિસંગતિઓ અને શ્રમ નહિ કરવાને કારણે છે. એવામાં દેશના લોકો ઇમાનદારીથી ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ સાથે જોડાય છે તો દેશ સુખ-સમૃદ્ધિ હાંસલ કરી શકાય છે.

'સાહો' : નિર્દેશકની ભૂલો પ્રભાસ - શ્રદ્ધાને ભારે પડશે !

'સાહો' ફિલ્મનો ખર્ચ ૩૫૦ કરોડ છે! આ વાત ખુદ પ્રભાસએ કપિલ શર્મા સામે કહી છે. 'સાહો'ને શ્રેષ્ઠ બનાવવા માટે, નિર્માતાઓએ પાણીની જેમ પૈસા રેડયા છે. ૮ મિનિટ લાંબી એક્શન સિક્વન્સ માટે ૭૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે. ત્યારે દરરોજ ૨૫ કરોડની આવક સાથે શરૂ થયેલ આ ફિલ્મ સફળ થાય તો પણ પ્રભાસ બૉલીવુડ સ્ટારની રેસમાં જોડાય તેવી કોઈ ખાસ વાત નથી. 'સાહો' લાંબી પ્રતીક્ષા બાદ હિંદી થિયેટરોમાં રિલીઝ થઈ છે. આ ફિલ્મ અત્યાર સુધીની સૌથી મોંઘી બોલીવુડ ફિલ્મોમાંની એક કહેવામાં આવે છે પણ એ વાત સાચી માની શકાય નહી. પ્રેક્ષકોની નારાજગી એ વાત માટે ખાસ છે કે પ્રભાસ જેવા ટોચના કલાકાર આવી બોગસ ફિલ્મ કઈ રીતે પસંદ કરી શકે! ફિલ્મના નીચા રેટિંગ માટે ફિલ્મના ડાયરેક્ટર સુજીત છે. પ્રભાસ અને શ્રદ્ધા કપૂરની રેટિંગ બગાડી શકે છે. આવી સ્થિતિમાં ફિલ્મની સમીક્ષા ચોંકાવનારી છે. 'સાહો' ફિલ્મની રિલીઝની સાથે મેકર્સ પર કોપીનો આરોપ લાગ્યો છે. 'કસૂર' અને 'વોટર' જેવી ફિલ્મો કરી ચૂકેલી અભિનેત્રી લીઝા રે એ 'સાહો'ના મેકર્સ પર આરોપ લગાવ્યો છે અને સોશિયલ મીડિયા પર લાંબી પોસ્ટ લખી છે. લીઝાએ જણાવ્યું કે 'સાહો'ના મેકર્સે આર્ટિસ્ટ શિલો શિવ સુલેમાનનું આર્ટવર્ક કોપી કર્યું છે. સાથે જ તેણે બે ફોટા પણ શેર કર્યા છે. એક આર્ટના ફોટા છે અને બીજા 'સાહો'નું પોસ્ટર છે જેમાં પ્રભાસ અને શ્રધ્ધા કપૂર એક બીજાનો હાથ પકડેલાં છે. હવે આવી વાતમાં ક્રિએટિવિટી તો માર ખાય પણ સમગ્ર ફિલ્મની બદનામી થાય એ મોટું નુકસાન કહી શકાય! આ ફિલ્મ મેકર્સને અરીસો બતાવવાની જરૂરત છે કે આ બરાબર નથી. એક મોટાં બેનરની ફિલ્મમાં શિલોની મૂળ કલાને લેવામાં આવ્યું છે. પ્રભાસને મોટું નુકસાન અઢી વર્ષના લાંબા સમયને કારણે પણ જઈ રહ્યું છે. 'બાહુબલી' સિરીઝની બન્ને ફિલ્મોએ પ્રભાસને અપાવેલ બૉલીવુડ લોકપ્રિયતા આ લાંબા અઢી વર્ષના સમયમાં લગભગ ભૂંસાઈ ગઈ છે. પણ 'સાહો' ફિલ્મ અને પ્રભાસ માટે ઉત્તેજના તો છે, પણ તે લાંબો સમય ટકશે કે કેમ તે સવાલ છે. અરુણ વિજય અને ચકી પાંડે વચ્ચે વિલન તરીકે હરીફાઈ છે. જેકીનું જલ્દીથી મોત થયાનું બતાવાય છે, હવે જેકીની લોકપ્રિયતા ચંકી કરતા વધારે છે એટલે ફિલ્મ લાંબો સમય સફળ થઈ શકે જ નહી. નીલ નીતિન મુકેશ પણ હીરો કરતા વધારે આગળ ચાલવા ખોટો પ્રયાસ કરે છે. વિલનની સંખ્યા મોટી હોય ત્યાં હીરો-હિરોઈનનું કામ કપાય એ આ ફિલ્મનો સૌથી મોટો માઇનસ પોઇન્ટ છે. વધારે પાત્રો પણ ફિલ્મને ગુંચવી નાખે છે. ફિલ્મમાં એ રીતે એંગલ વધી જાય એટલે ફિલ્મ ક્યાં પુરી કરવી એ વાતમાં નિર્દેશક ગુંચવાઈ ગયા છે. સંવાદમાં પચલાઈન ઓછી છે મુખ્ય પાત્રને ભાગે સારા ડાયલોગ ઓછા આવ્યા છે.

'સાહો' ફિલ્મનું સંગીત - ગીતો સફળ થયા જ નથી તો ફિલ્મને આ મુદ્દો પણ નુકસાન જ કરશે.

ઈશાન ડાઈઝ એન્ડ કેમિકલ લીમીટેડ
CIN: L24110GJ1993PLC020737
રજીસ્ટર્ડ ઓફિસઃ ૧૮, જીઆઈડીસી એસ્ટેટ, ફેઝ-૧, વટવા, અમદાવાદ-૩૮૨૪૪૫, ગુજરાત, ભારત ફોન : ૦૭૯-૨૫૮૩૨૧૪૪/૨૫૮૯૩૬૦૩ ફેક્સઃ ૦૭૯-૨૫૮૩૩૬૪૩
વેબસાઈટઃ www.ishandyes.com અને ઈ-મેઈલઃ ishandyes@yahoo.com

૨૬મી વાર્ષિક સામાન્ય સભા, બુક ક્લોઝર અને ઈ-વોટીંગની માહિતી માટે નોટીસ

આથી અહી નોટીસ આપવામાં આવે છે કે, કંપની